ગાંધીનગર સમાચાર

તા. ૨૪-૨-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....


### હજી 'આપ'નું વજૂદ અકબંધ છે

મહાત્મા ગાંધીના વયોવૃદ્ધ પૌત્ર અને ચક્રવર્તી રાજગોપાલાચારીના દૌહિત્ર રાજમોહન ગાંધી રાજકીય ઘટનાક્રમના વિશ્લેષક અને કટાર લેખક ઉપરાંત સરદાર પટેલ વિશેના એમના ચરિત્રગ્રંથ માટે વિશેષ જાણીતા છે. એમણે સરદારનું જે સમ્યક્ ચિત્ર દેશ અને દુનિયા સમક્ષ પ્રાંજલ અંગ્રેજી ભાષામાં મૂકી આપ્યું છે તે ખૂબ જ અધિકૃત ગણાયું છે અને વખણાયું છે. રાજમોહન ગાંધીને ઉભય પક્ષે સમૃદ્ધ રાજકીય સંસ્કાર વારસો મળ્યો છે. દાદા મોહનદાસ કરમચંદ ગાંધી તો સહસ્રાબ્દીની સૌથી મોટી વિભૂતિ છે, દેશના રાષ્ટ્રપિતા અને આઝાદીની અહિંસક લડતના સર સેનાપતિ છે. તો માતૃપક્ષે રાજાજીના હુલામણા નામે જાણીતા ચક્રવર્તી રાજગોપાલાચારી સ્વાતંત્ર્ય યુદ્ધના એક ખૂબ જ અગ્રગણ્ય નેતા છે. દક્ષિણનાં રાજ્યોમાં આઝાદીની લડાઈના સેનાપતિ રહ્યા ઉપરાંત તેઓ એક પ્રકાંડ વિદ્વાન હતા. એમણે અનેક વાર્તાઓ લખી છે. 'મહાભારત'નું ભાષ્ય લખ્યું છે. તેઓ દેશના પહેલા અને છેલ્લા ગવર્નરજનરલ છે. લોર્ડ માઉન્ટબેટનની વિદાય પછી એ સર્વોચ્ચ વહીવટી હોદ્દો રાજાજીએ સંભાળ્યો હતો. નહેરુ સાથે કેટલાક મુદ્દે નીતિવિષયક મતભેદ સર્જાતા રાજાજીએ 'સ્વતંત્ર પક્ષ' નામે નવો રાજકીય પક્ષ સ્થાપ્યો હતો જેણે ગુજરાત રાજકારણમાં ભૂકંપ સરજી દીધો હતો. કોંગ્રેસને હચમચાવી મૂકનારા આ દખ્ખણના રાષ્ટ્રીય નેતાનું અંગત જીવન અણિશુદ્ધ રહ્યું. સ્વતંત્ર પક્ષ કાળગ્રસ્ત બની ગયો પરંતુ ગુજરાતને એણે ભાઈકાકા અને એચ.એમ. પટેલ ઉપરાંત મીનુ મસાણી, જયદીપસિંહ અને પીલુ મોદી જેવા નેતાઓ આપ્યા. રાજાજી અને ગાંધીજી બેઉના રાજકીય વારસ એવા રાજમોહન ગાંધી અમેઠીમાં રાજીવ ગાંધી સામે જનતાદળના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી ચૂક્યા છે. એકવાર એમણે સાબરકાંઠાની બેઠક પરથી પણ નસીબ અજમાવ્યું હતું. દર વખતે ચૂંટણીમાં હારનું મોં જોનારા આ પત્રકાર-વિચારક લોકશાહીમાં હારજીતને સહજ રીતે સ્વીકારનારા પ્રબુદ્ધ નાગરિક છે. એમના પિતા દેવદાસ ગાંધી ગાંધીજીના સૌથી લાડકા પુત્ર હતા. રાજમોહન ગાંધીના નામમાં નાનાજી રાજગોપાલચારી અને દાદા મોહનદાસ- બેઉનો સમાવેશ થાય છે. એમના નાના ભાઈ ગોપાલ ગાંધી છેલ્લે પશ્ચિમ બંગાળના રાજયપાલ તરીકે કાર્યરત હતા. 'આપ' પાર્ટી દેશભરમાંથી સ્વચ્છ ઈમેજ ધરાવતી અને 'સેલિબ્રિટી' વેલ્યૂ ધરાવતી પ્રતિભાઓને સામે ચાલીને પોતાની સાથે જોડાઈ દેશમાં વ્યાપેલા ભ્રષ્ટાચાર નેસ્તનાબૂદ કરી આખી 'સિસ્ટમ' બદલી નાખવાની રાષ્ટ્ર વ્યાપી ઝુંબેશમાં જોડાવા નિમંત્રણ આપવા લાગી છે. એના પ્રતિસાદ રૂપેએમાં મલ્લિકા સારાભાઈથી માંડી રાજમોહન ગાંધી સુધીની વિવિધ વર્ગોની વિશિષ્ટ પ્રતિભાઓ જોડાઈ રહી છે. દેશમાં સાંપ્રદાયિક વિચારધારાને વરેલી અને વિવાદાસ્પદ ભૂતકાળ ધરાવતી વ્યક્તિના હાથમાં સત્તા ન આવી જાય એની ચિંતા 'આપ'ના સંવાહકો જેટલી જ આવી વિશિષ્ટ અને પ્રબુદ્ધ વ્યક્તિઓને પણ રહ્યા કરે છે. એથી અણ્ણા હજારે અરવિંદ કેજરીવાલને સત્તા લાલચુ કહેતા હોય તો પણ રાજમોહન ગાંધી જેવા વિચારપુરુષને આમ આદમી પાર્ટી સાથે જોડાવાનું ગમે છે. કિરણ બેદી જેવાં મહત્ત્વાકાંક્ષી મહિલાએ અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ રીતસરની ઝુંબેશ જ આરંભી છે પરંતુ સમજનારા બરાબર સમજી ગયા છે કે એમનો ઈરાદો ભાજપને મદદ કરવાનો છે. ભાજપના ધસમસતા રથને અટકાવવા અને કોંગ્રેસને પણ સત્તાથી વેગળી રાખવા પ્રાદેશિક પક્ષોએ ત્રીજો મોરચો રચ્યો છે. પરંતુ 'આપ'એ બધાથી પર રહી સ્વચ્છ ઉમેદવારોને મેદાનમાં ઉતારી પોતાનું રાષ્ટ્રીય વજૂદ ઊભું કરવા કૃતસંકલ્પ છે અને તેથી એક તરફ કેજરીવાલ નરેન્દ્ર મોદીને મુકેશ અંબાણી સાથેના આર્થિક વ્યવહારો અંગે સવાલ કરે છે તો બીજી તરફ એ કોંગ્રેસના યુવરાજની સામે અને સોનિયા ગાંધી તથા કપિલ સિબ્બલની સામે પણ મજબૂત લડત આપી શકે એવા ઉમેવારો મૂકી રહ્યા છે. કોંગ્રેસમાંથી પક્ષપલટો કરી ભાજપમાં આત્મઘાતી કૂદકો મારનારા તકસાધુઓ કે સમાજવાદી પાર્ટીમાંથી ફેંકાઈ જવાને કારણે કોંગ્રેસનું શરણું શોધી રહેલાં જયાપ્રદાની સરખામણીમાં 'આમ આદમી પાર્ટી' સાથે જોડાઈ રહેલા પ્રબુદ્ધજન રાજમોહન ગાંધીનું વજૂદ દેખીતી રીતે ઘણું વધારે લેખાશે.

# સેંટ ઝેવિયર્સ સ્કુલ, ગાંધીનગરનો ૪૪મો વાર્ષિકોત્સવ અને રકતદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૩ સેંટ ઝેવયર્સ સ્કુલ સેકટર-૮નો ૪૪મો વાર્ષિકોત્સવ યોજવામાં આવ્યો


(તસવીર : કશ્યપ નિમાવત)



હતો. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતા અને વયનિવૃત્ત થતા શિક્ષકોનું શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું હતું તેમજ સ્કુલ ખાતે રકતદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો.

શહેરના સેકટર-૮માં આવેલી સેંટ ઝેવિયર્સ સ્કુલમાં ૪૪માં વાર્ષિકોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે એર વાઈસ માર્શલ ટી.ડી. જોસેફ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક વકતવ્ય આપ્યું હતું.

શાળાના બાળકોએ કાર્યક્રમની શરૂઆતમાં પ્રાર્થના નૃત્ય રજુ કર્યુ હતું. જેમાં બાળકોએ ઈશ્વર અમારી પાસે રહોની પ્રાર્થના કરી માઈકલ જેકસનની યાદ અપાવી દીધી હતી. ત્યારબાદ શ્રી જોસેફે વિદ્યાર્થીઓને યુનાઈટેડ નેશન દેશ વર્ષને કૌટુંબિક ખેતી તરીકે ઉજવે છે તે વિષયને લઈને પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું.

વાર્ષિકોત્સવ નિમિત્તે વિદ્યાર્થીઓએ ડેરી ઉદ્યોગ, ખેતી ઉદ્યોગ અને તેમાં આવેલા નવીનીકરણ અને ક્રાંતિની ઝાંખી પોતાના નૃત્યો દ્વારા કરાવી હતી. ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમમાં વર્ષ દરમિયાન શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. વય મર્યાદાને કારણે નિવૃત્ત થતા શિક્ષકોનું શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું હતું. તેમજ શાળામાં તા. ૨૩ના રોજ રકતદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો જેમાં ૫૯ બોટલ રકત એકત્ર કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આચાર્ય ફાધર હેકટર પીન્ટો સહિત મોટી સંખ્યામાં શિક્ષકગણ, વાલીગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# જ્યારે પણ મોકો મળે ત્યારે પ્રકૃતિના ખોળે જાઓ : સંતોષ યાદવ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરથી માણસા તરફના મુખ્ય માર્ગ પર વાસન ગામે આવેલ બાપુ ગુજરાત નોલેજ વિલેજ ખાતે 'કાર્નિવલ દે' વિલેજ' નામનો કાર્યક્રમ તા. ૨૨મી ફેબ્રુઆરીની સાંજે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઈન્ડો ટીબેટીયન બોર્ડર પોલીસના રેકીંગ અધિકારી અને માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પ્રથમ ભારતીય મહિલા શ્રીમતિ સંતોષ યાદવે વિદ્યાર્થીઓને તેમના પ્રતિભાશાળી વ્યક્તિત્વથી પ્રોત્સાહિત કર્યા હતા.



બાપુ કોલેજ તરીકે પ્રખ્યાત બાપુ ગુજરાત નોલેજ વિલેજમાં યોજાયેલ કાર્યક્રમ 'કાર્નિવલ દે' વિલેજ'માં આમ તો સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વિવિધ પ્રતિભાઓને સન્માનવાનો કાર્યક્રમ હતો. આ ઉપરાંત આ કાર્નિવલમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયા હતા.

કાર્યક્રમની શરૂઆત સાંજે પાંચ વાગે પ્રાર્થનાથી કરવામાં આવી હતી. મહેમાનોના સ્વાગત અને પરિચય બાદ હિમાલય સર કરનાર પ્રથમ ભારતીય મહિલા પદ્મશ્રી શ્રીમતિ સંતોષ યાદવે ખૂબ જ મોટી સંખ્યામાં ઉમટી પડેલા વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક સંબોધન કર્યુ હતું. તેમણે વિદ્યાર્થીઓને ભારતભૂમિ પર જન્મ મળવા બદલ ભાગ્યશાળી હોવાની યાદ અપાવતા કર્મનું બેન્ક બેલેન્સ વધારવા જણાવ્યુ હતું. પ્લાસ્ટિકનો ઉપયોગ સદંતર બંધ કરવા તેમજ બ્રહ્માંડમાંથી ધ્વનિ પ્રદૂષણને નાથવા પણ તેમણે અનુરોધ કર્યો હતો.

પોતાની તેજસ્વી પ્રતિભાથી સંમોહિત કરતા સરળ ભાષામાં આપેલા આ વક્તવ્ય દરમ્યાન તેમણે વિદ્યાર્થીઓને હંમેશા સકારાત્મક વિચારો કરવા અને જ્યારે પણ મોકો મળે ત્યારે પ્રકૃતિના ખોળે જવાની શિખામણ આપી હતી. દસ દસ કલાક સુધી માત્ર રસ્સીના સહારે લટકી રહ્યા હતા. તેવા સાહસપૂર્ણ અનુભવોની વાતો વર્ણવતા તેમણે હિમાલય સર કર્યા પછી જ્યારે તેમના પિતા અને ગામલોકો એરપોર્ટ પર લેવા આવ્યા ત્યારે થયેલુ તેમનુ અભિવાદન એ જીવનનું સર્વશ્રેષ્ઠ સન્માન ગણાવ્યુ હતું. અગાઉ પોતે તેમના પિતા સાથે કચ્છમાં થોડો સમય રહેલા હોઈ તેમણે ગુજરાતને 'મારૂ ગુજરાત મહાન છે' કહેતા વિદ્યાર્થીઓ હર્ષોલ્લાસથી ઝુમી ઉઠ્યા હતા. તેમણે આયોજકોને પુષ્પગુચ્છના બદલે પુસ્તક કે શબ્દોથી સ્વાગત કરવા અનુરોધ કર્યો હતો. તેમના પ્રભાવશાળી છતાં ખુબ જ વિનોદપૂર્ણ વકતવ્ય અને તેજસ્વી પ્રતિભાથી પ્રભાવિત હાજર તમામ વિદ્યાર્થીઓએ તેમને સ્ટેન્ડીંગ ઓવિએશન આપી સન્માન્યા હતા.

પદ્મશ્રી શ્રીમતિ સંતોષ યાદવ પછી બાપુ નોલેજ વિલેજના ચેરમેન અને ગુજરાત વિધાનસભાના વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ વિદ્યાર્થીઓને સંબોધતા વ્યસનમુક્તિ થીમ પસંદ કરવા બદલ અભિનંદન આપ્યા હતા. બીજા કાર્યક્રમમાં જવાનું હોઈ ઉદ્ઘોષકની રાહ જોયા વગર પોતાની આગવી શૈલીમાં ટૂંકુ અને ચોટદાર વક્તવ્ય આપવા માઈક પકડતા શંકરસિંહ વાઘેલાએ દુનિયા આખી નશામાં ઝુમી રહી છે ત્યારે વિદ્યાર્થીઓને વ્યસનમુક્તિ થીમ પસંદ કરીને ખૂબ જ ઉત્તમ કાર્ય કર્યુ હોવાનું જણાવ્યું હતું. તેમણે શ્રીમતિ સંતોષ યાદવનો આભાર માનતા હળવી શૈલીમાં રમૂજ કરી હતી કે તેમનું નામ સંતોષ નહી પણ અસંતોષ હોવું જોઈએ કારણ કે અસંતોષી હોવાના કારણે જ તેમણે હિમાલય એકવાર નહી પરંતુ બબ્બે વાર સર કર્યો હતો.

## હરિની દૃષ્ટિ...



બહુ પુછો તો કહું, દશા અને દિશા બદલવા માટે પરિવર્તન કરવું પડે, પરિવર્તન કરવા સાચી દિશા જોઇએ, અને પરિવર્તન આવે એટલે છેલ્લે વિકાસ અને વિકાસ માટે પાછી સાચી દશા અને દિશા જોઇએ, એવું છે.

# પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં વાર્ષિક રસોત્સવ

ગાંધીનગર, તા.૨૩

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં અષ્ટદશમ વાર્ષિક રસોત્સવ ઈનામ વિતરણ તથા તૃતીય વર્ષ બી.એ.ની વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ ઉજવાયો હતો. અધ્યક્ષસ્થાને ડી.આર.ચૌધરી, લક્ષ્મીબેન ચૌધરી હતા. અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખશ્રી મણીભાઈ ચૌધરી તેમજ ટ્રસ્ટીગણના સભ્યો હાજર રહ્યા હતા. શૈક્ષણિક, સાંસ્કૃતિક, એન.એસ.એસ, એન.સી.સી. તથા રમત ગમતમાં મેળવેલ સિદ્ધિઓને પારિતોષિક પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધી યરનો એવોર્ડ કુ. વૃશાલી ચૌધરીને મળ્યો હતો. વિદ્યાર્થીનીઓએ રંગારંગ કાર્યક્રમ રજૂ કર્યો હતો. રાજસ્થાની નૃત્ય, ગરબો, રાસ, ગણેશ સ્તુતિ, ફેશન શૉ, વેસ્ટર્ન ડાન્સ રજુ કર્યા હતા. કો. ઓર્ડીનેટર પ્રા. પ્રતિમાબેન છનીયારાએ સંચાલન કર્યુહતું. પ્રા.સોનલ મોદી, પ્રા. મુન્નાબેન ચૌધરીએ મહેનત કરી હતી. આચાર્ય ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ પ્રોત્સાહન આપેલ હતું.

# રાજ્યની છ કોલેજોને યુજીસી-નેક દ્વારા 'એ' ગ્રેડ એનાયત કરાયો

ગાંધીનગર, તા. ૨૩

યુજીસી સ્વાયત્ત સંસ્થાનેક દ્વારા તાજેતરમાં દેશભરની કુલ ૨૮૩ કોલેજોનું એસેસમેન્ટ કરવામાં આવેલ છે. જે પૈકી રાજ્યની છ કોલેજોને 'એ' ગ્રેડ એનાયત થયો છે. જે પૈકી ત્રણ કોલેજોને યુજીસીના ૧૨મા પ્લાન અંતર્ગત કોલેજ વીથ પોટેન્સીઅલ ફોર એક્સેલેન્ટના એવોર્ડ સાથે રૂ. ૧૫૦ લાખની વિશેષ ગ્રાન્ટ આપવામાં આવી છે. આ કોલેજો પૈકી ૧૩૫ કોલેજોનું પ્રથમ વખત અને ૧૪૮ કોલેજોનું રી-એક્રેડિટેશન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યની છ કોલેજો પૈકી ચાર કોલેજો હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની અને એક-એક કોલેજ ગુજરાત તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની છે. ખાસ કરી કડી પીલવાઈ અને રાજકોટની કોલેજોને રૂ. ૧૫૦ લાખની વિશેષ ગ્રાન્ટ આપવામાં આવી છે.

# પોશ વિસ્તાર સે-૮માંથી ધોળે દિવસે મહિલાનો દોરો ખેંચાયો

ગાંધીનગરના પોશ ગણાતા વિસ્તાર સે-૮ના જી-૧ ટાઈપના મકાનો પાસેથી આજે બપોરના અરસામાં ચાલતા જઈ રહેલી મહિલાને બાઈક પર આવેલા બે ચેઈન સ્નેચર્સે નિશાન બનાવી હતી. મહિલાના ગળામાંથી ધોળે દિવસે હિંમત કરીને દોરો આંચકી લીધો હતો. પરંતુ મહિલાએ દોરો પકડીને ખેંચી લેતા તુટી ગયો હતો. પા ભાગનો સોનાના દોરાનો ટુકડો ચેઈન સ્નેચરના હાથમાં રહી ગયો હતો. ચેઈન સ્નેચિંગથી થયેલી બુમાબુમ સાંભળી એક જાગૃત નાગરીકે બાઈક પર ચેઈન સ્નેચર્સનો પીછો પણ કર્યો હતો પરંતુ તે શખ્સો હાથમાં લાગ્યા ન હતાં. સેકટર-૮માં રહેતા આશરે ૪૦ વર્ષના મહિલા ઘરેથી ચાલતા ચાલતા બપોરે ત્રણેક વાગ્યાના અરસામાં નજીકના સ્થળે ચાલતા આનંદના ગરબામાં જઈ રહ્યા હતા. જી-૧ ટાઈપના મકાનો પાસે બ્લોક નં. ૬૮૪ નજીક મહિલા પહોંચ્યા ત્યારે પાછળથી એક બાઈક પર ડબલ સવારી શખ્સો તેમની પાસે આવ્યા ગળામાં હાથ મારીને પહેરેલો સોનાનો દોરો ખેંચ્યો હતો.

# શાળાએથી દીકરો કે દીકરી પરત ન આવે આવા બધા ઘણા સંજોગોમાં તાત્કાલિક બધે તપાસ કરીને પોલીસ સમક્ષ તાત્કાલીક જાહેરાત કરવી જોઇએ, બહુ લાંબો સમય ગુમાવવાનો કોઇ અર્થ નથી

**મહિલા સમાજ અને કાયદો**
**અંક-૩૨**
ડો. ભાવના કે. જોશીપુરા

આપણે ગત અંકમાં જોયું કે નેહા પુખ્ત ઉંમરની થઈ નથી અને તેના લગ્ન તેણીની ઈચ્છા વિરુદ્ધ મોટી ઉંમરની વ્યક્તિ સાથે નક્કી કરેલા છે. લગ્ન માટેની સ્ત્રી કે પુરુષની વય નક્કી કરવા માટે પણ કાયદામાં જોગવાઈ છે. ભારતીય પુખ્તતા અંગેનો કાયદો એ લગ્ન સંદર્ભે સ્ત્રીની ઉંમર ૧૮ વર્ષ પૂર્ણ કરેલા હોય તેમ દર્શાવે છે. લગ્ન અંગે પુરુષની ઉંમરએ આજ કાયદા અંતર્ગત ૨૧વર્ષ પૂર્ણ કરેલા હોય તે પુરુષ કાયદેસર રીતે લગ્ન કરવા અધિકાર ધરાવે છે.

હમણાંના જ વર્તમાનપત્રોમાં આપણે જોયું કે અનેક બાળલગ્ન અટકાવવા સંદર્ભે સમાજ સુરક્ષા અધિકારીએ સમય સૂચકતા વાપરીને લગ્ન સ્થળે પહોંચી જઈને બાળલગ્નો અટકાવ્યા. આવા બધા કેસમાં એક બાબત એવી પણ જોવા મળી કે દિકરી ૧૮ વર્ષ પૂર્ણ કરેલ હોય, પરંતુ દીકરાએ ૨૧ વર્ષ પૂર્ણ કરેલ ન હોય. અનેક જ્ઞાતિઓમાં નાનપણથી વિવાહ (સગાઈ) નક્કી કરવાનો રીવાજ છે. સાવ નાના બાળક અને બાળકી કે જે શાળાએ ભણવા પણ ગયા નથી. તેઓના કુમળી વયમાં જ ભવિષ્યના થનારા લગ્નો નક્કી કરી દેવામાં આવે છે. કેટલીક સમાજસેવી સંસ્થાઓ આ અંગે જાગૃતિ શિબિરો યોજે છે. સમાજ સુરક્ષા વિભાગ તરફથી પણ ગામડે- ગામડે જઈએ આવા બાળવિવાહ નક્કી થયાની ખબર પડે તો બંને પક્ષના વાલીઓને બોલાવીને ભવિષ્યમાં થનારા લગ્નોએ દીકરો અને દીકરી પુખ્ત ઉંમરના થાય ત્યાર પછી જ બંનેના લગ્ન કરાવવામાં આવશે. તેવી પ્રતિજ્ઞા અને ખાતરી પણ મેળવવામાં આવે છે. આ બધી બાબતોનો ઉલ્લેખ એટલા માટે કરું છું કે બાળલગ્નો સંપૂર્ણ પણે બંધ થયા નથી અને તેથી સમાજ સુરક્ષા, ન્યાય પ્રક્રિયા વગેરે દ્વારા ન્યાયિક કાર્યવાહીના કેસો આજે પણ દાખલ થતા જોવા મળે છે. જો બાળલગ્ન થવાના હોય અથવા તો થઈ રહ્યા હોય તેની માહિતી કોઈપણ વ્યક્તિ જિલ્લા સુરક્ષા અધિકારીને આપે તો સમાજ સુરક્ષા કચેરી તરફથી જ આ પ્રકારના લગ્નો લગ્ન સ્થળે જઈને પણ અટકાવી દેવામાં આવે છે.

નેહાના કેસમાં નેહા નાની વયમાં ગેરમાર્ગે જઈ રહી હતી. તેથી તેના માત-પિતાએ તેણી પુખ્ત ઉંમરની થતા પહેલા લગ્ન કરાવી દેવાનો વિચાર કર્યો, પરંતુ જ્યારે કાયદા અંગેની સમજણ તેઓને પૂરી પાડવામાં આવી ત્યારે નેહાના માતા-પિતા પણ નેહાને પુખ્ત ઉંમરની થતા પહેલા પરણાવશે નહી. તેવા બાંહેધરી આપવા તૈયાર થયા. આપણે જોયું કે સતત કાઉન્સીલીંગ અને સમયની કસોટીએ નેહાને પણ પોતાની થયેલી ભૂલો સમજાતી ગઈ. આ કોલમમાં ડોમેસ્ટીક વાયોલન્સ એકટ સાથે-સાથે કાયદાકીય જાગૃતિ અંગેનો મુખ્ય હેતુ છે અને તેથી અલગ-અલગ કાયદાની ઉદાહરણથી માહિતી પૂરી પાડવાનો હેતુ છે. એક કાયદા અંતર્ગત કોઈ બાબત કે પ્રશ્ન ઉભો થયો હોય તો તેવી બાબતને બીજા કાયદાઓ સાથે પણ સાંકળી શકાય છે.

નેહા પણ એક દિકરી અને દીકરીને ચાર દિવાલ વચ્ચે થયેલા ત્રાસ સંદર્ભે સમાજ સુરક્ષા વિભાગ, રક્ષણ અધિકારી, સર્વિસ, પ્રોવાઈડર (સેવા આપનાર) તથા આશ્રય સ્થાન આ તમામ અલગ અલગ વિભાગોએ એક સાંકળની જેમ કામ કરીને ઊભી થયેલ સમસ્યાને સુલજાવવાનો પ્રયત્ન

**જો બાળલગ્ન થવાના હોય અથવા તો થઈ રહ્યા હોય તેની માહિતી કોઈપણ વ્યક્તિ જિલ્લા સુરક્ષા અધિકારીને આપે તો સમાજ સુરક્ષા કચેરી તરફથી જ આ પ્રકારના લગ્નો લગ્ન સ્થળે જઈને પણ અટકાવી દેવામાં આવે છે**

કર્યો. સાંવરીનો કેસ જયારે બનેલ ત્યારે ડોમેસ્ટીક વાયોલન્સ એકટ અસ્તિત્વમાં ન હતો. સાંવરી અંગે આપણે જોયું કે તે ઘરેથી ગુમ થઈ જાય છે અને લગભગ એક માસ પછી સાંવરીની માતા સવિતાએ ફરિયાદ કરવા તૈયાર થાય છે. એક માસ સુધી બદનામીનો ડર અને જો તપાસ કરીને દીકરી પોલીસ કેસ વગર મળી આવે તો વધારે સારું એમ માનીને સવિતા એક માસ સુધી પોલીસ ફરિયાદ કરતી નથી.

કોઈપણ વ્યક્તિ ગુમ થાય, ભેદી સંજોગોમાં લાપતા થાય, કોઈ વ્યક્તિ કોઈ કામ અંગે કે નોકરી ધંધા અંગે બહાર ગઈ હોય ત્યાંથી પરત ન આવે, શાળાએથી દીકરો કે દીકરી પરત ન આવે આવા બધા ઘણા સંજોગોમાં તાત્કાલિક બધે તપાસ કરીને પોલીસ સમક્ષ તાત્કાલીક જાહેરાત કરવી જોઈએ. બહુ લાંબો સમય ગુમાવવાનો કોઈ અર્થ નથી.

ફરીથી સાંવરીની બાબત પર આવીએ તો સાંવરીની માતા રૂબરૂ આવીને તેમજ કહે છે કે આપણી ફરિયાદ લઈને સીધું મોટા પોલીસ ઓફિસર સમક્ષ જવું છે. દીકરી સાંવરીને કોઈએક ઘરમાં ત્રીજા માળની ટેરેસ પર મોબાઈલમાં વાત કરતી કરતા જોઈ છે. સાંવરીની માતા સવિતાબેન પ્રથમ તો નજીકના પોલીસ સ્ટેશને જઈને જાણ કરે છે. સવિતાબેન દિકરી સાંવરીને તાત્કાલીક લઈ આવવા માટે પોલીસને વિનંતી કરે છે. પરંતુ સવિતાબેનને નિરાશા સાંપડે છે.

સવિતાબેનને પોતાની દિકરીનો કબજો તાત્કાલીક જોઈતા હતો. સવિતાબેનને એમ લાગે છે કે જો સીધા પોલીસ ઓફિસર પાસે જોઈએ તો અને તો જ દિકરી પરત મળી શકે. બીજું એ પણ ખરું કે સવિતાબેનને એવી ખાતરી થઈ હતી કે દિકરી સાંવરી ભૂતકાળના પાડોશી કે જેના ઘરે ટીવી જોતાં હતી તેઓ દ્વારા ગેરમાર્ગે જતી રહી છે. સાંવરીની નાની ઉંમરને કારણે તેણીને લલચાવવામાં આવેલ છે. સાંવરીને ફસાવવામાં આવેલ છે. સાંવરીને ફસાવવામાં સમાજના કહેવાતા સજ્જનો પણ સંડોવાયેલા છે. કેટલી વ્યક્તિઓ પહોંચતી અને વગ વાળી છે. અને આમ, સવિતાબેનને એવો વિચાર આવે છે કે પોતે એક ગરીબ બાઈ માણસ અને જેની સામે લડવાનું છે તેઓ બધા વગવાળા અને પહોંચતા માણસો છે.

સવિતાબેનનું એક વાક્ય, આપણે પોલીસ ઓફિસર પાસે જઈએ ત્યારે ત્યાંથી જ મોટા સાહેબ બીજા કોઈ પોલીસ અધિકારીને સાદા ડ્રેસમાં સાદુ વાહન લઈને મોકલે અને સાંવરીને તુરત જ લઈ આવે તો જ આ બાબત શક્ય બનશે. સવિતાબેને કહ્યું તેમ મોટા સાહેબે કર્યું. સાંવરીને જયારે પોલીસ ઓફિસર લેવા ગયા ત્યારે સાંવરીને અતિશય કિંમતી ડ્રેસ અને અતિશય કિંમતી ઘરેણાં પહેર્યાં હતા. એટલું જ નહી સાંવરી પાસે કુલ છ મોબાઈલ મળી આવ્યા.

સાંવરીના કેસને અને હકીકતને આપણે કાયદાના આધાર સાથે સમજી શકીએ. સવિતાબેનના કહેવા મુજબ જો ખરેખર સાંવરીને સમાજના કોઈ તત્વોએ લલચાવી, ફોસલાવીને ગેરમાર્ગે વાળી દીધી હોય તો તે બાબતનો કાયદો પણ આ કેસમાં લાગુ પડે. અત્રે એ ખાસ ઉલ્લેખ કરું કે સ્ત્રીઓ અને બાળકીઓનો અનૈતિક વેપાર એ વૈશ્વિક સમસ્યા છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએથી પણ ગત્ પાંચ વર્ષમાં જે જે સ્લોગન જાહેર થયાં તેમાં સમગ્ર સમાજને એટલે કે સમાજના સ્ત્રી અને પુરુષો એક સાથે મળીને સ્ત્રીઓ પરત્વે થતી હિંસા અને બાળકીઓની પ્રત્યે થતી હિંસા રોકવા માટેના આદેશ અને આમ કહો તો એક આંતરરાષ્ટ્રીય મુવમેન્ટ જારી થઈ છે. કહેવાનો અર્થ એ છે કે સ્ત્રીઓ અને બાળકીઓનો એક યા બીજા કારણસર અનૈતિક વેપાર એ ખૂબ જટીલ અને વિચાર માંગી લે તેવી સમસ્યા છે.

સ્ત્રીઓને સ્પર્શતા વિવિધ ફોજદારી કાયદાઓ પૈકી ભારત દેશમાં સ્ત્રીઓના અનૈતિક વેપાર અટકાવવાનો કાનૂન- ૧૯૫૬ અસ્તિત્વમાં છે. સ્ત્રીઓને સ્પર્શતા કાયદાઓ એ દિવાની કાયદાઓ અને ફોજદારી કાયદાઓ એ પ્રમાણે આપણે બે ભાગમાં સમજી શકીએ. સ્ત્રીઓને સ્પર્શતા વિવિધ કાયદાઓ અને સ્ત્રી અધિકારોને લગતાં લપગલાં તેમજ કાનૂની પરિપ્રેક્ષ્ય સમજવા પણ જરૂરી છે.

સાંવરીને કોને લલચાવી છે? સાંવરીને કોને ફસાવી છે? સ્ત્રીઓને સ્પર્શતા કાયદા સંદર્ભે ભારતીય ફોજદારી ધારામાં આ બાબત અંગે કઈ જોગવાઈ છે? આ બધી બાબતો તેમજ મહિલાઓને સ્પર્શતા ફોજદારી તેમજ દિવાની કાયદાઓની સમજણ સાથે મળીએ આવતે અંકે...